# <u>અમદાવાદ (ગ્રામ્ય) ના છટ્ટા જ્યુ. મેજી. (ફ.ક.) ની કોર્ટમાં</u>

सत्यमेव जयते

**ફોજદારી કેસ નં. ૧૫૮૪૧\૨૦૨૨**
**આંકઃ**

**<u>ગુન્હોઃ ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ ૨૮૩ , એમ.વી.એકટ–૧૮૧ મુજબ</u>**

**:: ચુકાદો ::**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકિકત એવી છે કે ચાર્જશીટમાં જણાવેલ તારીખે, સમયે અને સ્થળે આરોપીએ પોતાના હવાલા વાળુ વાહન /લારી/ પથારો જાહેર રોડ ઉપર ટ્રાફીકને અડચણરૂપ રાખી ગુન્હો કરેલ હોય, આરોપી વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ ૨૮૩ મુજબના શિક્ષાપાત્ર ગુન્હાની ફરિયાદ નોંધી, સાહેદોના નિવેદનો નોંધી, ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ કરી, આરોપીની અટક કરી અને તપાસ પૂર્ણ કરી આ અદાલતમાં ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ ૨૮૩ અને એમ.વી.એકટ–૧૮૧ મુજબના ગુન્હા અંગેનું ચાર્જશીટ રજૂ કરેલ છે.

(૨) આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ (સંહિતા) ની કલમ-૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડવામાં આવી. તેઓએ જણાવેલ છે કે તેઓ ગરીબ વર્ગના માણસ છે જેથી તેઓને ઓછામાં ઓછો દંડ કરી ગુન્હામાંથી મુક્ત કરવા અરજ છે. સદર ગુન્હા સંબંધેની આરોપીની પ્લી નોંધવામાં આવેલ છે જેમાં પણ આરોપીએ ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે.

(૩) આ કેસની હકીકતોને લક્ષમાં લેતા તેમજ આરોપીએ રજૂ કરેલ કબુલાત પુરશીષ, આરોપીની આર્થિક અને સામાજિક સ્થિતિ તથા સદર આરોપીએ કરેલ ગુન્હો અને તે ગુન્હામાં કરવામાં આવેલ સજાની જોગવાઇઓ, વગેરે પરિબળો ધ્યાને લેતાં, આરોપીને જો એક સુધરવાની તક આપવામાં આવશે અને તેને યોગ્ય દંડ કરવામાં આવશે તો ન્યાયનો હેતું જળવાશે તેમ માની નીચે મુજબનો હુકમ કરવામાં આવે છેઃ

**<u>હુકમ</u>**

આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ની કલમ–૨૫૨ અન્વયે ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ની કલમ–૨૮૩ અને એમ.વી.એકટ–૧૮૧ મુજબનાં ગુન્હામાં તકસીરવાન ઠરાવી આરોપીને રૂ.૨૦૦/–(રૂપિયા બસો રૂપીયા પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો, તેઓએ બે દિવસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે. આરોપીના જામીન ખત અને જાત મુચરકો રદ કરવામાં આવે છે.

આજ રોજ તારીખ : ૧૨ મી, માહે : નવેમ્બર, સને ૨૦૨૨ નાં રોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

(ગૌરવ શર્મા)

તારીખઃ ૧૨/૧૧/૨૦૨૨

છઠા એડી. જયુડી. મેજી. ફ.ક.
અમદાવાદ (રુરલ) અમદાવાદ
**કોડ જી જે ૦૧૪૪૩**